

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

'ભૂષણ' હવે વાટકી - વહેવાર થઈ ગયો છે,
જાણે ઉમંગ વિનાનો તહેવાર થઈ ગયો છે,
કોહવાટ લાગી ગયો છે શૌર્ય-કલા સન્માન ને -
વફાદારીમાં મૂલ્યોમાં ફેરફાર થઈ ગયો છે...

હાઈકુ

હવે એવોર્ડ,
મળશે બજારમાં -
છાપેલા ભાવે...!

ધન ની ધાકે,
કોર્ટ નજરે પણ -
ઠરે નિર્દોષ...!

### ચિંતન

*સુલભાઃ પુરુષ રાજન્ સતતં પ્રિયવાદિનઃ ।*
*અપ્રિયસ્ય ચ પથ્યસ્થ વક્તા શ્રોતા ચ દુર્લભઃ ॥*

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

હે રાજા! હંમેશા મધુર બોલનારા પુરુષો તો સહેલાઈથી પ્રાપ્ત થાય છે, પરંતુ કડવું છતાં હિતકારક બોલનાર અને સાંભળનાર દુર્લભ હોય છે.

આજના યુગમાં બધાને પોતાની પ્રશંસા જ સાંભળવી ગમે છે. કોઈ ટીકાત્મક રીતે સત્ય કહે તો તે વાત અને વાત કરનાર 'અપ્રિય' લાગે છે. તેથી જ ઘરસંસારમાં કે રાજનીતિ વ્યવહારમાં 'સત્ય' કહેનાર ફેંકાઈ જાય છે.

સાચા હિતેચ્છુ કોઈની પણ પરવા કર્યા વિના 'સત્ય' શિખામણ જ આપે છે.

### સુવિચાર

- મૂર્ખાઓને આપેલો ઉપદેશ તેમનો ક્રોધ વધારવાને માટે જ હોય છે, નહીં કે શાંતિને માટે - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણી સૌથી મોટી મુશ્કેલી એ છે કે આપણે જીવવાને બદલે જીવનનું પૃથક્કરણ કરીએ છીએ - **શાહબુદ્દિન રાઠોડ**
- કેટલાંક સંબંધોનું મૂલ્ય એને જાળવવા માટે કરવા પડતાં સમાધાનો જેટલું મોટું હોતું નથી - **જનકલ્યાણ**
- જગત તમારા વિશે સારું બોલશે એવી કદી અપેક્ષા રાખશો નહીં - **ઝેન કથન**
- નૈતિક મૂલ્ય (Self Actualization) ને ત્યાગ નહીં, પણ સંઘર્ષ ખપે છે - **સ્ટીફન કોવી**
- દુશ્મનને માફ કરો, પણ એનું નામ કયારેય ન ભૂલતા - **જહોન એફ. કેનેડી**
- આજનું ઓષધ : ધાણાનો ભૂક્કો જવના લોટની સાથે મેળવી લેપ કરવાથી સોજો મટે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

કેટલાક કારીગર, કામદાર, મજૂર, ઘરનાં બૈરાં કે કર્મચારી, કોઈ કામ સોંપો તો વેઠ વાળીને આટોપે અને એમાં કેટલાંક એવા હોય જે જીવ રેડીને વિશેષ ખંતથી એ કામને જીવંત બનાવે છે... તમે શેમાં છો?

એક માછીમારે પોતાની જૂની નાવ રંગારાને રંગ કામ માટે આપી - ત્રીજા દિવસે કામ પુરું થવાનું નક્કી થયું. દરમિયાન માછીમારને અચાનક સાત દિવસ માટે બહાર જવાનું થયું. રંગારાના પૈસા ચૂકવી એ પ્રવાસમાં ગયો.... નિયમ સમયે નાવ કામ પૂરું થયું. માછીમારના બે યુવાન પુત્રોને એક ઓર્ડર ત્રણ દિવસની સફરે એ નાવ લઈ ઉપડી ગયા. માછીમાર પાછો આવ્યો. પત્નીએ દીકરા સફરમાં ઉપડ્યા છે એના ખબર આપ્યા એ પણ આજે બપોરે પાછા આવવાના હતા - સાંજ સુધી આવી જશે - એમ પત્નીએ કહ્યું.

માછીમારને ધ્રાસકો પડ્યો. નાવમાં એક કાણું હતું. જેની એને જ ખબર નથી. મનમાં એમ કે રંગકામ પછી રીપેર કરીશ ચિંતા પેઠી; પણ આશ્ચર્ય વચ્ચે દીકરા પાછા આવ્યા. માછીમારે દોડી નાવ જોઈ કાણું મરામત થઈ ગયું હતું. એ રંગારાને ઘેર ગયો. વધારાના ૫૦૦૦ રૂા. આપવા લાગ્યો, કાણું રીપેર કરવા આભાર માન્યો. રંગારો કહે - એ તો મારી ફરજનો જ ભાગ કહેવાય - મારું ધ્યાન એ કાણા પર ગયું અને રીપેર કરી નાખ્યું એમાં શું?!

# ચૂંટણી જંગમાં સસ્તાં ગતકડાં

પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણીમાં તમામ રાજકીય પક્ષો અને વડાપ્રધાનથી લઈ પ્રાદેશિક નેતાઓ સુધીના અગ્રણીઓએ મૂલ્યોને બાજુએ મૂકી સસ્તો વાણીવિલાસ પ્રદર્શિત કરી રાજકારણ કઈ કક્ષાએ નીચે ઊતરી ચૂક્યું છે એની પ્રતીતિ કરાવી છે. ગોવાના નામ લીધા વગર આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ માટે વડાપ્રધાને ખિસ્સા કાતરું જેવો શબ્દ વાપરી એના શ્રીગણેસ કર્યા હતા અને હવે જયારે પંજાબ અને ગોવામાં ભારે મતદાન થઈ ચૂક્યું છે અને પરિસ્થિતિ ભર્યા નારિયેળ જેવી લાગી રહી છે અને આ ચૂંટણીઓને ૨૦૧૯ પૂર્વેના રેફરન્ડમ તરીકે ગણી લેવાઈ છે ત્યારે વડાપ્રધાન માટે ઉત્તરપ્રદેશની સૌથી અગત્યની ચૂંટણી પર ધ્યાન કેન્દ્રિત કરી લોકસભાની ચૂંટણી વેળાએ જેવો સપાટો બોલાવી દીધેલો એવાં પરિણામોનું પુનરાવર્તન કરવાનો પડકાર આવી પડ્યો છે. ગોવામાં દર વખતે પાતળી બહુમતી અથવા નાના પક્ષો સાથે સાંઠગાંઠ દ્વારા સત્તા ઉપર આવતી ત્યાં જઈને મતદારોને ભાજપની પૂર્ણ બહુમતીવાળી સરકાર લાવવા અપીલ કરી હતી. વળી સ્વચ્છ ઈમેજ ધરાવતાં સંરક્ષણમંત્રી મનોહર પારિકરને ફરી પાછી ગોવાના મુખ્યમંત્રી તરીકેની કમામ સોંપાય એવા સંકેતો પણ આપીને ગોવામાં કોંગ્રેસ અને ભાજપના વિકલ્પે આમ આદમી પાર્ટી તરફ ઝૂકી રહેલી પ્રજાને પાછી વાળવા પ્રયાસ કર્યો હતો. ઉત્તરપ્રદેશમાં અખિલેશ અને કોંગ્રેસ વચ્ચે થયેલ ગઠબંધન ઉપરાંત માયાવતીની બસપા પણ કાઠું કાઢી રહેલ છે. મોદીએ એમની જૂની અને ચવાઈ ગયેલી ટેવ મુજબ ઉત્તરપ્રદેશને SCAM - સ્કૅમથી બચાવવા

**તંત્રીસ્થાનેથી...**

પ્રજાને અપીલ કરી છે. સ્કૅમનો અર્થ થાય છે કૌભાંડ. મોદીએ અહીં જે ચાર અંગ્રેજી અક્ષરો ભેગા કર્યા છે એમાં સમાજવાદી પાર્ટી, કોંગ્રેસ, અખિલેશ અને માયાવતીના પૂર્વાક્ષરો આવી જાય છે. લોકરંજન માટે આવા ગતકડાં ઉપયોગી નીવડી શકે પરંતુ એ વાપરનારની ઈમેજને પણ સમજણ ધરાવતા પ્રબુદ્ધ વર્ગમાં ખાસ્સો ઘસરકો લાગતો હોય છે. ઈંટનો જવાબ પથ્થરથી આપવાની લોકરંજન શૈલીમાં વડાપ્રધાનના 'સ્કૅમ' સામે અખિલેશ યાદવે પણ પ્રજા સમક્ષ વધુ મનોરંજન ગતકડું વહેતું મૂક્યું છે. 'સેવ કંટ્રી ફ્રોમ અમિત શાહ એન્ડ મોદી' જેવું આખું વાક્ય ટૂંકાવી એમને મોદીના 'સ્કૅમ'નો જવાબ વધુ અસરકાર 'સ્કૅમ' થી આપી દીધો છે. આ પ્રકારની તિકડમબાજી કદાચ આ દેશમાં જ ચાલી શકે. ચૂંટણીઓ મુદ્દાઓ પર લડાવી જોઈએ, એને બદલે એકબીજાને હલકા ચીતરીને પ્રજાને ગેરમાર્ગે દોરવાની આ પ્રકારની પ્રચારશૈલી આપણા રાજકીય ક્ષેત્રે પ્રવર્તી રહેલ મૂલ્યહ્રાસનો જ નાદર નમૂનો બની રહે છે. ફક્ત મોદી કે અખિલેશ જ નહીં, જેમને બહુ સારા નેતાનું લેબલ લાગ્યું છે. એવા કેજરીવાલ કે મનોહર પારિકર અને પંજાબમાં ચૂંટણી લડી રહેલા ભગવંત માન કે નવજોત સિધ્ધુ પણ આવી જ ભાષામાં વાત કરી રહ્યાં છે. હાસ્યકલાકારોથી પાર્ટીઓ ઊભરાય છે રાજકારણ જાણે વિદૂષકોનું મોકળું મેદાન ન બની ગયું હોય! કયારેક હળવા-નરવા કટાક્ષ તો અટલબિહારી વાજપેયી પણ કરતાં, પરંતુ એ સ્તર કયાં અને આજનાં 'સ્કૅમ' બ્રાન્ડ ગતકડાં કયાં!

# ખોરાકમાં ભેળસેળ બદલ આજીવન કેદની સજાની જોગવાઈ

**(આઈપીસીની કલમ ૨૭૨ તથા ૨૭૩ માં સુધારો થશે)**



કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ખોરાકમાં ભેળસેળ કરવીએ ગંભીર પ્રકારનો ગુન્હો ગણી વિવિ આયોગે આ ગુન્હાને ગંભીરતાથી લઈ આવા પ્રકારનો ગુન્હો આચારનારને દંડ તથા સજાની જોગવાઈ માટે ભલામણ કરેલ છે.

ભારતીય દંડ સંહિતામાં સંશોધન અને સુધારાની ભલામણ કરતા વિધિ આયોગે ભેળસેળ કરતા પકડાતા ૭ વર્ષની જેલની જોગવાઈ તથા ૧ લાખથી લઈને ૧૦ લાખ સુધીના દંડની જોગવાઈ કરવાની ભલામણ કરેલ છે. કાયદામાં કલમ ૨૬૪માં સુધારો કરવા ભલામણ કેન્દ્રીય ખાદ્ય મંત્રી રવિશંત પ્રસાદને જસ્ટીસ વી.એસ. ચૌહાણે રીપોર્ટ સોંપી સુધારા કરવા ભલામણ કરેલ છે. દેશમાં ખાદ્ય પદાર્થ તથા અનાજમાં થતી ભેળસેળના કારણે કેન્સર જેવી ગંભીર બીમારીઓનું પ્રમાણ વધેલ છે. ક્રિમીનલ લૉ અપેડેમેન્ટ બીલ ૨૦૧૭ મુજબ ખોરાકમાં થતી ભેળસેળ રોકવા સખ્ત કાયદાની અને દંડની જોગવાઈ કરવા આયોગે ભલામણ કરેલ છે.


આઈપીસીની કલમ ૨૭૨ અને ૨૭૩ માં સુધારો કરવો ખૂબ જ આવશ્યક માનવામાં આવે છે. પહેલા ટેકનીકલ કારણોસર તથા લેબોરેટરીના રીપોર્ટના અભાવે ભેળસેળ કરવાવાળા છુટી જતા તથા પુરાવાના અભાવે કેસ સાબીત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ જતા આરોપીઓ તેનો કાયદાકીય લાભ ઉઠાવતા. દૂધમાં યુરીયા ખાતરની ભેળસેળ દેશમાં મોટા પ્રમાણમાં થાય છે દૂધ અને બાળકો માટે સૌથી પોષ્ટીક પીણું છે અને તેમાં મોટા પ્રમાણમાં ભેળસેળ થતા દેશના આરોગ્ય સાથે બાળકોના ઉજ્જવળ ભવિષ્ય સાથે ચેડા કરવામાં આવે છે જે અતિ ગંભીર બાબત આયોગે ગણી છે. ઉત્તર પ્રદેશ અને ઓરીસ્સા રાજયમાં આઈપીસીની કલમ ૨૭૨ તથા ૨૭૩ માં સંશોધનાત્મક સુધારો કરી આ કલમ મુજબ સખ્ત સજાની જોગવાઈ કરવા આયોગે કેન્દ્રને ભલામણ કરેલ છે.

અત્યાર સુધી ભેળસેળના ગુન્હામાં આરોપીને સજા ખૂબ જ ઓછી અથવા ના થવાના બરોબર હતી ખોરાકમાં ભેળસેળએ વ્યક્તિની જીંદગી સાથે રમત છે. ભેળસેળવાળો ખોરાક આરોગવાથી વ્યક્તિ બચી જાય તો પણ આડઅસર જીવનભર રહે છે. ઘણીવખત લકવો પડી જાય છે તથા વાચા ગુમાવે છે અંગો શિથિલ થઈ જાય છે વ્યક્તિ કામકાજ કરતો બંધ થઈ જાય છે. કુટુંબનું ભરણપોષણ જે વ્યક્તિના ઉપર હોય તે બેકાર થઈ જતા આખું કુટુંબ પાયમાલ થઈ જાય છે. ફુડ સેફટી અને સ્ટાર્ડન્ડ એકટ પુરા ભારતમાં કવર થતો નથી અલગ અલગ રાજયોમાં અલગ અલગ જોગવાઈઓ છે તેલ, દૂધ, કઠોળ તથા ફુડ પેકેટમાં અલગ અલગ માપ પ્રમાણમાં પદાર્થો ઉમેરવાના સબ સ્ટાન્ડર્ડ અલગ નિયમો હોય ટેકનીલક લાભ લઈ આરોપીઓ આસાનીથી છૂટી જાય છે સૌથી વધારે ભેળસેળ દૂધ તથા મીઠાઈઓમાં બનાવટી માવા દ્વારા કરવામાં આવે છે જેને આરોગતા ફુડ પોઈઝન થતા કેટલીકવાર જીવ પણ ગુમાવવો પડે છે.

આઈપીસીની કલમમ સુધારો થતા સજા તથા દંડની સખ્ત જોગવાઈની ભલામણ કેન્દ્ર દ્વારા સ્વીકારવામાં આવતા નવો ફુડ એન્ડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ ૨૦૦૬ માં સુધારો કરવામાં આવતા આઈપીસીની કલમ ૨૭૨ તથા ૨૭૩ માં ૨૭૨(અ) તથા ૨૭૩(અ) ની જોગવાઈઓ ઉમેરવામાં આવતા કાયદામાં ૨૬૪ માં સુધારો અમલમાં મુકાશે. ગંભીર સજા તથા દંડની જોગવાઈના કારણે ગુન્હાની સંખ્યા ઘટશે ૭ વર્ષથી લઈ આજીવન કેદ તથા ૧ લાખથી લઈ ૧૦ લાખ સુધીની સજા તથા દંડની જોગવાઈ ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઈ કરવામાં આવતા ગુન્હો આચરનાર ભયના કારણે કાયદાની બીકના કારણે ગુન્હાના પ્રમાણમાં ઘટાડો નોંધાશે. ભેળસેળના કારણે આરોગનારનું મોત થતા અપરાધીને આજીવન કેદની સજાની ભલામણ કરવામાં આવેલ છે.

ભારતમાં સૌથી વધારે પ્રમાણમાં ભેળસેળ ઉત્તર પ્રદેશ તથા ઓરીસ્સા રાજયમાં થાય છે જેમાં સૌ પ્રથમ નવીન કાયદાનો અમલ કરવાનું સરકારના વિચારણામાં છે હાલમાં ભેળસેળના કાયદામાં સજાની ઓછી જોગવાઈ છે તથા ભેળસેળ પુરવાર કરવાની જટીલ પ્રક્રિયા તથા ટેકનીકલ કારણોનો લાભ આરોપીઓ મેળવી યેનકેન પ્રકારે ભેળસેળવાળો માલ બજારમાં વેચાણ કરતા રહ્યા છે. ઘણીવખત ફુડ પેકેટમાં એકસપાયરી ડેટ, બેન્ચ કે ઉત્પાદકનું નામ સરનામું શુધ્ધતા લખવામાં આવતું નથી તેથી રીટેઈલ વેપારી સજામાંથી બચી જાય છે કેટલીક વખત યોગ્ય સમય મર્યાદામાં ફુડ સેમ્પલનુ લેબોરેટરી રેસ્ટીંગ કરવામાં ના આવતા પરિણામ મળતુ નથી તથા ભેળસેળની માત્રા ના પકડાતા ટેકનીકલ લાભ મેળવી છુટી જતા હોય છે. જો ગ્રાહક જાગતો રહેશે તો આ કાયદાનો અમલ ચોક્કસ થશે તે વાત નક્કી છે.

# મહિલાએ પોતાનામાં રહેલી અસીમ અને અમાપ પ્રતિભા શક્તિના જગતને દર્શન કરાવ્યા છે





WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

અંગ્રેજીમાં એક કહેવત છે જેનું ગુજરાતી આ પ્રમાણે થાય છે કે, 'સામેની તરફનું ઘાસ હંમેશાં વધુ લીલું લાગે છે...' જે સ્ત્રીઓએ આખી જિંદગી કામ કર્યું છે, જેમની પાસે પોતાની મૂડી છે એમને સતત ઘરે રહેલી અને સુખ ભોગવતી સ્ત્રીઓની ઈર્ષા આવે છે તો જે ઘરે રહી છે એ સ્ત્રીઓને વ્યવસાયિક સ્ત્રીઓની સ્વતંત્રતા અને આત્મનિર્ભરતા પ્રત્યે અહોભાવ થાય છે... ખરું પૂછો તો બંનેને પોતાની આગવી કિંમત છે અને બંનેએ પોતાની રીતે જીવવા માટે એ કિંમત ચૂકવી જ છે!

આજકાલ સ્ત્રીઓ વિષે, સ્ત્રીઓ માટે ઘણું-બધું લખાઈ રહ્યું છે અને સ્ત્રીઓએ પોતાનામાં રહેલી અસીમ અને અમાપ પ્રતિભા શક્તિના જગતને દર્શન કરાવ્યા છે. સ્ત્રી પહેલેથી જ પોતાના હક માટે લડતી આવી છે અને અગાઉના વર્ષોમાં સ્ત્રીઓએ આપેલા બલિદાનના મીઠાં ફળ આજકાલની સ્ત્રીઓ માણી રહી છે. આવનારા વર્ષોમાં ગૃહિણી કે 'house wife' જેવું સ્ત્રીનું સ્વરુપ જોવા જ ન મળે તો નવાઈ ન પામતા! તેવું મારું માનવું છે. દરેક સ્ત્રી ઑફિસના કામ, ઘર-પરિવારની જવાબદારી અને પોતાની જાતને પણ સુંદર અને આકર્ષક રાખવાની multi-tasking પ્રવૃત્તિ સુપેરે નિભાવી જાણે છે. આપણે આપણી આસપાસ એવા સક્ષમ અને સ્માર્ટ પુરુષો જોયા જ છે કે જેમને ઘર પરિવારને સંભાળીને રાખનારી કોઈ સારી life partner ન મળી હોય તો તેની કારકિર્દી રોળાઈ જાય છે. આપણે સ્ત્રી-પુરુષ સમોવડી છે કે નહિ તે ચર્ચામાં નથી પડવું પણ આજે વાત કરવી છે એક સ્ત્રીનું અન્ય સ્ત્રી સાથેનું વર્તન.

સ્ત્રીની સૌથી મોટી નબળાઈ ઘણીવાર એનાથી સાવ અંગત સંબંધમાં સંકળાયેલી સ્ત્રી સાથેના તેના સંબંધો જ હોય છે. જન્મથી લઈને મૃત્યુ સુધીમાં એક સ્ત્રી મુખ્યત્વે ચાર પ્રકારે અન્ય સ્ત્રી સાથે સંકળાયેલી હોય છે અને એ માતા, ત્યારબાદ સાસુમા, પુત્રી અને અંતમાં પુત્રવધૂ. આ તમામ સાથેના તેના સંબંધોમાં ઉતાર-ચડાવ આવતા રહે છે પરંતુ આ સંબંધો એના જીવનના સૌથી વધુ અગત્યના સંબંધો હોય છે. માટે ખરેખર જો આ ચારેય તબક્કે તે આ તમામ સાથે સુમધુર અને તંદુરસ્ત સંબંધ જાળવી રાખે તો તેનું જીવન ખુશીઓથી છલકાઈ જતુ હોય છે. એક બાપ માટે પુત્રીનું આગમન અને એક પતિ માટે પત્નીનું આગમન અને શ્વસુર માટે પુત્રવધૂનું આગમન એ કંઈક આ પ્રકારનું હોય છે.

''એના ઘરમાં તે પ્રવેશ કરે છે પ્રકાશ બની રહેવા, બહાર બધે અંધકાર હોય ત્યારે અંદર ઉજાસ બની રહેવા; એના જીવન ઉપર આધિપત્ય ભોગવતી રક્ષક દેવદૂત સમી, એની ખુશીઓના ગુણાકાર અને ફિકરોનો ભાગાકાર કરનારી.''

દીકરી નાની હોય ત્યારે એની મમ્મી સાથે દરેક બાબતમાં મતભેદ અને કલેશ કરતી હોય છે. તેને મમ્મી જ તેની સૌથી મોટી સમીક્ષક અને આલોચક હોય તેવું તે અનુભવતી હોય છે પણ એ જ દીકરી જયારે મોટી થાય છે ત્યારે તેને માતાની કહેલી દરેક વાત બરાબર સમજાવા લાગે છે. તે માતાની દીકરી મટી, એક સૌથી વધુ અંગત મિત્ર સમાન બની રહે છે. જીવનના દ્વિતીય પડાવમાં તેને એ જ પ્રકારે સાસુમા સાથે એક નવો સંબંધ કેળવવાનો હોય છે. દીકરો માની ગમે તેટલો નજીક હોય છતાંય પુત્રવધુના આગમન પછી થોડું અંતર બંનેની વચ્ચે આવી જ જતું હોય છે. આવા સમયે પુત્રવધૂ અને સાસુમા બંને પોતપોતાની રીતે best પ્રયત્નો કરી એકબીજાને સમજવાની કોશિષ કરે તો જે રીતે માતા સાથે મૈત્રીસંબંધ બંધાઈ જાય છે તે જ પ્રમાણે સાસુમા સાથેનો પણ સુંદર રચાઈ જાય છે. ખાસ કરીને નોકરી કરતી પુત્રવધૂ સાસુમાને તેમના ગૃહિણી હોવા પર ગર્વ મહેસૂસ કરાવે ત્યારે આ સંબંધ કયારેક ન તૂટી શકે એવા અતૂટ તાંતણે મજબૂત રીતે ગુંથાઈ જાય છે. પુત્રવધૂ ગૃહિણી એવા સાસુમાને પ્રેમપૂર્વક તેમનું મહત્ત્વ સમજાવતા કહે છે 'સાચી ગૃહિણી જયાં જાય છે ત્યાં સદાય તેની આસપાસ ગૃહ રચાઈ જાય છે. એના મસ્તક ખુલ્લું આકાશ જ ભલે હોય, પણ જયાં કયાંક એ હશે ત્યાં ઘર હોવાનું જ.'

જીવનમાં ત્રીજી અગત્યની અને મહત્ત્વની સ્ત્રી એટલે સ્ત્રીને માતા બનાવીને ઘરમાં પા-પા પગલી માંડતી પુત્રી. બાળપણમાં પોતે જયારે નાની ઢીંગલી હોય ત્યારે મમ્મી કરતાં પપ્પાની વધુ લાડકી હોય છે. પણ એ જ ઢીંગલી મા બને ત્યારે પોતાની પુત્રીનો પિતા તરફનો થોડો વધુ લગાવ કે પ્રેમ જીરવી શકતી નથી. અલબત્ત, માતા બનવું કોઈ પણ સ્ત્રીના જીવનનો સર્વશ્રેષ્ઠ તબક્કો હોય છે. કોઈએ ખરું જ કહ્યું છે કે, 'જીવનમાં બીજી કેટલીયે સુંદર સુંદર વસ્તુઓ થોકબંધ મળે છે; આટલાં બધાં ગુલાબો, તારાઓ, સૂર્યાસ્તો, મેઘધનુષો; પણ દુનિયા આખીમાં માતા તો એક જ હોય છે.' અને ત્યારબાદ આવે છે પુત્રવધુ સાથેના અનુસંધાનનો પડાવ; 'બા' બનવાનો રોમાચં. જીવનના આ તબક્કે સ્ત્રી પાસે અનુભવનું વિશાળ ભાથું હોય છે અને જીવનના સારા - નરસા અનુભવોને જીરવવાનું વિશાળ હૃદય પણ. પારસભાઈ હેમાણીએ આ પડાવને સુંદર રીતે આલેખ્યો છે :

**'બા'**

**વહેલી સવારના ચાલવા જવાનું,**
**આવી છોકરાઓને સ્કૂલે જવા ઉઠાડવા...**
**દફતર તૈયાર કરાવવા**
**છોકરાઓ જાય પાછી**
**છાપા વાંચવાનું અને રૂટીન વર્ક...**
**બપોરના ભાગે સિલાઈ કરતા કરતા**
**જિંદગી સીવતા...**
**તેમનો દિવસ આગળ વધતો,**
**સાંજ તો જાણે ખીલખીલાટ લાગતી**
**બારી બહાર જોતા જાય, ગીતો ગણગણતા જાય**
**સાથે રસોઈ પણ બનતી જાય.**
**આ બધા જ દૃશ્યો....**
**એમના**
**ગયા પછી સૂર્યાસ્ત જેવા લાગે છે.**

**- 'આપણી વાત' - પારસ એસ. હેમાણી**

*(વધુ આવતા અંકે...)*

- nehalgadhavi101@gmail.com

# જમ્મૂ-કાશ્મીરમાં ગળચટ્યાં ઉંબાડિયાંનું રાજકારણ

- **સત્તામાં રહેવા ભાજપવાળા મૂકપ્રેક્ષક બની મેહબૂબાની રાષ્ટ્રદ્રોહીની ગાળ સાંભળે છે**
- **વિસ્થાપિત પંડિતોના પુનર્વાસને સર્વપક્ષી આવકાર પણ અલગ કોલોનીનો વિરોધ**
- **નાયક કોણ ? શેખ અબદુલ્લા કે મહારાજા હરિસિંહ એ મુદ્દે રાજકીય પક્ષોમાં ટકરાવ**
- **સંઘ જમ્મૂ તથા કાશ્મીરનાં બે રાજ્ય તથા લડાખને કેન્દ્ર શાસિત કરવાના સમર્થનમાં**



અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

જમ્મૂ-કાશ્મીરનું કોકડું ઉકેલવાનું નામ જ નથી લેતું. બ્રિટિશ સંસદથી લઈને ભારતના જમ્મૂ-કાશ્મીર રાજ્યની વિધાનસભા અને વિધાનપરિષદ લગી એક યા બીજા મુદ્દે કાશ્મીરનો ઉકળતો ચરુ નિત નવા વિવાદ-વિસ્ફોટ સર્જતું રહે છે. ૨૭ ઓક્ટોબર ૧૯૪૭ના રોજ મહારાજા હરિસિંહના શાસનવાળા મુસ્લિમ-બહુમતી ધરાવતા દેશી રજવાડાના ભારત સંઘ સાથેના વિલયને તત્કાલીન બ્રિટિશ ગવર્નર-જનરલ લોર્ડ માઉન્ટબેટને માન્ય રાખ્યા પછી પણ છાસવારે જમ્મૂ-કાશ્મીર રાજ્યના ભારત સાથેના સંબંધો અંગે પાકિસ્તાન સંયુક્ત રાષ્ટ્ર અને ઈસ્લામિક દેશોના સંઘમાં પણ ઉત્પાત મચાવતું રહે છે. ઘરઆંગણે જમ્મૂ-કાશ્મીરના કાશ્મીર ખીણ પ્રદેશમાં ઈસ્લામાબાદ અને મુઝફ્ફરાબાદના ઈશારે આતંકી ઉંબાડિયાં થતાં રહે છે. મહિનાઓ સુધી હિંસાગ્રસ્ત આ પ્રદેશમાં બંધ પાળવામાં આવે છે. ભારતીય સંસદમાં જમ્મૂ-કાશ્મીરને ભારતના અવિભાજ્ય અંગે તરીકે સ્વીકૃત ગણવામાં આવ્યા છતાં પાકિસ્તાને ગપચાવેલા જમ્મૂ-કાશ્મીર (પીઓજેકે) અને ચીને ગપચાવેલા સિયાચીન પ્રદેશ ઉપરાંત પાકિસ્તાને ગેરકાયદેસર રીતે ચીનને સોંપેલા અમુક પ્રદેશને ખાલી કરવામાં આવતો નથી.દિલ્હીમાં દાયકાઓ સુધી કોંગ્રેસનું શાસન રહ્યું અને એણે જમ્મૂ-કાશ્મીરમાં શેખ અબદુલ્લા અને એમના પરિવારની નેશનલ કોન્ફરન્સ સાથે મળીને શ્રીનગર-જમ્મૂમાં રાજ કર્યું પરંતુ સ્થિતિ થાળે પડી નહીં.

ભારતમાં બે બંધારણ છે. એક બંધારણ જમ્મૂ-કાશ્મીર રાજ્ય સિવાયના તમામ રાજ્યોને લાગુ પડે છે અને બીજું બંધારણ કલમ ૩૭૦ હેઠળ જમ્મૂ-કાશ્મીર રાજ્ય માટેનું છે. એમ તો સંયુક્ત રાજ્ય અમેરિકા (યુએસ)માં એના ફેડરલ બંધારણ ઉપરાંત ૫૦ રાજ્યોના પ્રત્યેક અલગ બંધારણ મળીને કુલ ૫૧ બંધારણ છે. જોકે જમ્મૂ-કાશ્મીરની સ્થિતિ જુદી છે. એના જમ્મૂ પ્રાંતમાં હિંદુ વસ્તીની બહુમતી છે. કાશ્મીર ખીણ પ્રાંતમાં મુસ્લિમ બહુમતી છે અને લડાખ બૌદ્ધ બહુલ પ્રદેશ છે. જોકે અત્યારે દિલ્હીમાં ભાજપના વડપણવાળી રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા (એનડીએ)ની નરેન્દ્ર મોદી સરકાર છે અને જમ્મૂ-કાશ્મીરમાં પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી(પીડીપી) અને ભાજપની સંયુક્ત સરકાર છે. અગાઉ જૂના કોંગ્રેસી એવા મુફતી મહંમદ સઈદના નેતૃત્વવાળી પીડીપી-ભાજપ સરકારના મુખ્યમંત્રીપદે મુફતી હતા અને નાયબ મુખ્યમંત્રીપદ ભાજપી ડૉ. નિર્મલ સિંહને અપાયું હતું. વિધાનસભામાં મહત્ત્વનું ગણાતું અધ્યક્ષપદ ભાજપ પાસે છે. મુફતીના મૃત્યુ પછી એમનાં દીકરી મેહબૂબા મુફતી મુખ્યમંત્રી છે અને ડૉ. નિર્મલ સિંહ નાયબ મુખ્યમંત્રી છે. વિપક્ષના નેતાપદે શેખ અબ્દુલ્લાના પૌત્ર અને વાજપેયીની એનડીએ સરકારમાં વિદેશ રાજ્યમંત્રી રહેલા ઓમર અબદુલ્લા છે. ઓમર અગાઉ મુખ્યમંત્રી પણ રહ્યા છે. એમના પિતા ડૉ. ફારુક અબદુલ્લા પણ મુખ્યમંત્રી રહ્યા અને કેન્દ્રમાં પણ મંત્રી રહ્યા. હમણાં મુખ્ય મંત્રી મેહબૂબા મુફ્તીએ તો એટલે સુધી કહી દીધું કે કલમ ૩૭૦ને રદ કરવાની વાત કરનારા રાષ્ટ્રદ્રોહી છે.એનો અર્થ એ થયો કે રાષ્ટ્રવાદી ભાજપ સાથે રાજ્ય સરકાર ચલાવીને સંઘ-ભાજપવાળાઓને રાષ્ટ્રદ્રોહી ગણાવવાની એમની હિંમત છે. સત્તામાં રહેવા માટે ભાજપવાળા મૂકપ્રેક્ષક બનીને મેહબૂબાની રાષ્ટ્રદ્રોહીની ગાળ સાંભળી રહ્યા છે. એમને એ ગોઠી ગયું છે કારણ પંજાબમાં પણ ભિંડરાનવાલેને સંત કે શહીદ ગણાવવાના મિત્ર પક્ષ અકાલીદળના વલણ છતાં દસ વરસ એમની સાથે રાજ કરવામાં કોઈ છોછ અનુભવાયો નહીં!

જમ્મૂ-કાશ્મીરના લોકપ્રિય નેતા રહેલ શેખ અબદુલ્લાએ ભારત સાથે આ દેશી રજવાડાને જોડવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. જોકે નેહરુ ખાનદાન સાથેના એમના પરિવારના સંબંધોમાં લવ-હેઈટ રિલેશનશિપના પલટા આવતા રહ્યા એ મુજબ જમ્મૂ-કાશ્મીરનું રાજકારણ હેરફટાકા મારતું રહ્યું. ક્યારેક ભારતથી અલગ થવાની વેતરણમાં જોવા મળતા અબદુલ્લાને મિત્ર-વડા પ્રધાન નેહરુએ જ વર્ષો સુધી જેલવાસ અને નજરબંધીનો અનુભવ કરાવ્યો હતો. એકંદરે જમ્મૂ-કાશ્મીરનું સત્તાકારણ અબદુલ્લા પરિવાર અને મુફતી પરિવાર તેમ જ મીરવાઈઝ પરિવારની આસપાસ ફરતું રહ્યું છે. ૧૯૮૯ના ગાળામાં જમ્મૂ-કાશ્મીરમાં જેહાદી આતંકવાદ માથું ઊંચકીને નિર્મમ હત્યાઓ આચરવાનું નિમિત્ત બન્યો ત્યાર પછી કાશ્મીર ખીણ પ્રદેશમાંથી હિંદુ કાશ્મીરી પંડિતોએ મોટા પાયે પલાયન કરીને જમ્મૂથી લઈને દિલ્હી તેમ જ ભારતનાં અન્ય રાજ્યોમાં નિર્વાસિત અવસ્થામાં ભટકવું પડ્યું છે. જોકે જાણકારો કહે છે કે આ તબક્કામાં કાશ્મીરી પંડિતોનું કાશ્મીર છોડી જવું એ છઠ્ઠીવારનો ઘટનાક્રમ હતો. અગાઉના મુસ્લિમ શાસકોના સમયમાં પણ કાશ્મીરી પંડિતોનાં વ્યાપક પલાયન થયાં અને એ પછીના મુસ્લિમ શાસકોએ જ તેમને પાછા આણીને વસાવ્યા હતા.

શેખ અબદુલ્લા અને મહારાજા હરિસિંહ વચ્ચે બારમો ચંદ્રમા હતો એટલે મહારાજાને કાશ્મીર છોડી જવા ફરજ પાડવા જનઆંદોલન આદરનાર શેખને મહારાજાએ લાંબો સમય જેલમાં પૂરી રાખ્યા હતા. ૧૯૪૭ના ગાળામાં નેહરુ-સરદારની મધ્યસ્થીથી મહારાજાને જમ્મૂ-કાશ્મીરમાંથી દેશવટો અપાયો, એમના પાટવીકુંવર ડૉ. કર્ણસિંહ મહારાજાના પ્રતિનિધિ તરીકે સદર-એ-રિયાસત (રાજ્યપાલ કે રાજપ્રમુખ) બન્યા અને શેખ અબદુલ્લા પ્રીમિયર એટલે કે મુખ્યમંત્રી બન્યા હતા. મહારાજા હરિસિંહે મુંબઈ અને પૂણેમાં વસવાટ કર્યો અને ૧૯૬૧માં એમનું નિધન

**અનુસંધાન પાના નં. ૭ પર**